Received on : 25-02-2026
Registered on : 25-02-2026
Decided on : 12-03-2026
Duration : Y M D
- - 15

**જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**

**મુ. જુનાગઢ**

**<u>ફોજદારી પરચુ.અરજી નં. ૧૫૪/૨૦૨૬.</u>**

<u>આંક–</u>

**<u>અરજદાર/આરોપી.</u>** હરદાસભાઈ પુંજાભાઈ પરમાર,
ઉ.વ.આ.૩૭, ધંધો–કોન્ટ્રાકટર,
રહે.જેતપુર રોડ, ત્રણ ખુણીયા હાઉસીંગ બોર્ડ
કોલોની, મકાન નં.૫૬, નિલેશભાઈ રાપરીયાના
મકાનમાં, ગોંડલ.
હાલ – જીલ્લા જેલ જુનાગઢ.

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય:–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ વચગાળાની જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬ / ૨૫.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી કે.એચ.ધામાણી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: હુ કુ મ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ-૬૬(ડી) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, વચગાળાના જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે દિન-૧૫ ના વચગાળાની જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૭ થી તપાસ કરનાર અમલદાર એ.બી.ગોહીલ, પોલીસ ઈન્સ્પેકટર,ઈ.ચા. એ.ડીવી.પોલીસ સ્ટેશન જૂનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી કે.એચ.ધામાણીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીને જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં .૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ-૬૬(ડી) મુજબના ગુનાના કામે અટક કરવામાં આવેલ છે અને હાલ આરોપી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. આ કામે અરજદાર/આરોપી તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ સખત તાવ આવવો, પેટમાં દુખાવો તેમજ માથામાં દુખાવો થવો, શરદી, કફ અને કમળાના લીધે જુનાગઢ સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા અને તેઓનો મેડીકલ રીપોર્ટ કરાવતા આરોપીને કમળો હોવાની હકીકત જાહેર થયેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીને મેડીકલ ટ્રીટમેન્ટની જરૂરીયાત છે. વધુમાં રજુઆત કરેલ છે કે, તે અંગેનો મેડીકલ રીપોર્ટ આ કામે રજુ રાખેલ છે. વધુમાં તપાસ કરનાર

અધિકારીના સોગંદનામામાં જણાવ્યા મુજબ ગુનાની તપાસ ચાલુ હોવાનું અને હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જાય તેવી દહેશત દર્શાવેલ છે. જો કે, હાલના કામે ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે કુલ ૧૭ થી ૧ ૮ આરોપીઓ રહેલ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા રહેલ નથી. આમ, હાલના કામના અરજદાર/આરોપીને વચગાળાના દિન–૧૫ ના જામીન આપવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓએ તેમની રજુઆતના સમર્થનમાં (૧) ૨૦૨૨ સુપ્રીમ(ઓનલાઈન)(ગુજરાત) ૯૭૪૫ મનસુખ મુળુભાઈ સીગરખીયા વિ.સ્ટેટ ઓફ ગુજરાત અને (૨) ૨૦૨૪ સુપ્રીમ (ઓનલાઈન) (ગુજરાત) ૧૬૮૫૨ મચંક મનસુખભાઈ સાંઘાણી વિ.સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા રજુ રાખેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામે અન્ય આરોપીએ ફો.પ.અ.નં.૮૮૩/૨૦૨૫, ૮૮૪/૨૦૨૫ તથા ફો.પ.અ.નં.૨૧/૨૦૨૬ થી જામીન અરજી કરેલ હતી જે અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ વચગાળાના જામીન કમળાની સારવાર માટે માંગેલ છે. જો કે, હાલના કામે અરજદાર/આરોપી જયુડી.કસ્ટડીમાં હોય તેઓને જેલ ઓથોરીટી દ્વારા સારવારની તમામ સગવડ સરકારી હોસ્પિટલમાં આપવામાં આવે છે. વધુમાં આ કામે હાલના કામના અરજદાર/આરોપીએ પોતાના નામની જય વચ્છરાજ પેઢીના એકસીસ બેન્કના કરન્ટ એકા.ન્ટ તથા ઈન્ડસન્ડ બેન્કના કરંટ એકાઉન્ટ વાળા કમીશનથી ભાડેથી આપેલ હતા જેમાં રૂા.૧,૪૨,૮૯,૫૪૬/– નું ટ્રાન્ઝેકશન

થયેલ હોવાની હકીકત સોગંદનામામાં જણાવેલ છે. આમ, હાલના કામના ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ, તપાસ કરનાર અમલદાર એ.બી.ગોહીલ, પોલીસ ઈન્સ્પેકટર, ઈ.ચા. એ.ડીવી.પોલીસ સ્ટેશન જૂનાગઢ નાઓનું આંક–૦૭ નું સોગંદનામું વંચાણે લીધું. ફરીયાદપક્ષની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ હેબા તથા આરોપી નં.૨ અસ્લમ ઉર્ફે લાલો ઈબ્રાહીમભાઈ કુરેશી તથા આરોપી નં.૩ ઈમ્તીયાઝ ઉર્ફે બકરો ઈબ્રાહીમભાઈ હીંગોરજા તથા આરોપી નં.૪ કાજીમ મહમદભાઈ રાજસુમરા વાળાઓએ પોતે તથા પોતાના મળતીયાઓ આરોપી નં.૫ સાહીલ ગફારભાઈ સમા તથા આરોપી નં.૬ અજય ઉર્ફે કાનો મનુભા સોનાગરા તથા આરોપી નં.૭ અંજુમ છોટુભાઈ ચૌહાણ સીપાઈ તથા આરોપી નં.૮ અરબાજ ઈકબાલભાઈ કુરેશી તથા અરજદાર/આરોપી સાંઈ ઉર્ફે મંથન થોરાટ મરાઠી, નં.૧૦ કરીમ અહેમદ સીડા તથા નં.૧૧ સાહબાજ જાફરભાઈ કુરેશી તથા નં.૧૨ મુસો હાસમભાઈ મુસાણી, રહે.જેતપુરવાળાઓ મારફતે બેન્ક એકાઉન્ટો મેળવી તેમજ જે કુલ ૫૨ એકાઉન્ટો મેળવી જે એકાઉન્ટોમાં સાયબર ફ્રોડ તથા ઓનલાઈન ગેમીંગના રૂપિયા જમા કરાવી જે રૂપિયાઓ જે તે એકાઉન્ટમાં ખાતા ધારકો અથવા મળતીયા માણસો ધ્વારા એ.ટી.એમ.અથવા ચેકથી વીડ્રો કરી રૂપિયાનું રોકડમાં રૂપાંતર કરી જે રોકડા રૂપિયા તમામ આરોપીઓએ પોતાનું કમીશન બાદ કરી બાકીના રૂપિયા આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ હેબાનાઓ ધ્વારા આરોપી ન.૧૩ રાજુ ઉર્ફે રામભાઈ ભાવનગરવાળાને આંગડીયા મારફતે મોકલતા તેણે તે રૂપિયાનું યુ.એસ.ડી.ટી.માં રૂપાંતર કરી આરોપી નં.૧૪ ઈરફાન જાદુગર રહે.દુબઈવાળાને મોકલી તમામ આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી આર્થીક ફાયદો મેળવવા સારૂ મોટુ આંતરરાષ્ટ્રીય રેકેટ રચી તમામ આરોપીઓ તથા જુદા જુદા બેન્ક એકાઉન્ટના ધારકો પોતે પોતાના એકાઉન્ટમાં વારંવાર સાયબર ફ્રોડના રૂપિયા

જમા થતા હોવાનું જાણતા હોવા છતાં અલગ અલગ માધ્યમથી સાયબર ફ્રોડથી મેળવેલ કુલ પર એકાઉન્ટમાં સાયબર ફ્રોડના કુલ રૂ.૯,૪૩,૭૦,૩૩૫ જમા કરાવડાવી જે રૂપિયા એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડાવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો કરી સગેવગે કરી બેન્ક એકાઉન્ટના ધારકો તથા તે તમામ આરોપીઓએ ગુન્હો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) આ કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, આ કામે અરજદાર/આરોપીએ હાલની અરજી અરજદાર/આરોપીને કમળાની બીમારી થયેલ હોય મેડીકલ ટ્રીટમેન્ટ માટે પ્રાઈવેટ હોસ્પિટલમાં વધુ સારવાર મેળવવા માટે દિન–૧૫ ની વચગાળાના જામીન મેળવવા અરજી કરેલ છે. હાલના કામે તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, હાલના કામે અરજદાર/આરોપીએ પોતાના નામની જય વચ્છરાજ પેઢીના એકસીસ બેન્કના કરંટ એકાઉન્ટ નં.૯૨૪૦૨૦૦૪૯૮૬૩૮૩૬ માં બનાવના સમયગાળા દરમ્યાન રૂ.૧૭,૦૦,૦૦૨/– સાયબર ફ્રોડની જમા થયેલ હોય જેમાં કુલ ૦૬ એન.સી.સી.આર.પી. ફરીયાદ દાખલ થયેલ તથા જય વચ્છરાજ એન્જીયરીંગના ઈન્ડુસઈન્ડ બેન્કના કરંટ એકાઉન્ટ નં.૨૫૯૬૦૧૬૩૭૭૦૭ માં બનાવના સમયગાળા દરમ્યાન રૂ.૧,૨૫,૮૯,૫૪૪/– સાયબર ફ્રોડથી જમા થયેલ હોય જેમાં કુલ ૪૨ એન.સી.સી.આર.પી. ફરીયાદ દાખલ થયેલ. જે બંને એકાઉન્ટ મળીને કુલ રૂ.૧,૪૨,૮૯,૫૪૬/– ના ટ્રાન્જેકશન થયેલ હોય અને જે રૂપિયા પોતાના એકાઉન્ટમાં સાયબર ફ્રોડ તેમજ બદદાનતથી (ચોરીથી) આવેલ હોવાનું જાણવા છતા અરજદાર/આરોપી પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી પોતાનું કમીશન મેળવી સહઆરોપીઓને આપી સગેવગે કરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાનું અને તેઓની ગુનામાં મહત્વની

ભુમીકા રહેલ છે. વધુમાં આ કામે રજુ રાખેલ મેડીકલ રીપોર્ટ ધ્યાને લેતા અરજદાર/આરોપીને જુનાગઢ ખાતેની સરકારી હોસ્પિટલોમાં ટ્રીટમેન્ટ ચાલતી હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં અરજદાર/આરોપીને થયેલ કમળા બાબતે સરકારી હોસ્પિટલ ખાતે ડોકટરની સુવીધા ઉપલબ્ધ ન હોય તેવી રજુઆત કરેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે પણ અરજદાર/આરોપીને તેઓની બીમારી સબબ સરકારશ્રી તરફથી યોગ્ય સારવાર મળી રહે તેની ખાત્રી આપેલ છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે. વધુમાં નામદાર સુપ્રિમકોર્ટે ઉતરપ્ર દેશ રાજય વિ. ગાયત્રીપ્રસાદ, ક્રિમી. અપીલ નં. ૬૮૬/૨૦૨૦ એ.આઈ.આર. ૨૦૨૦ (સુ.કો.) ૫૦૧૪ ના ચૂકાદામાં ઠરાવેલ છે કે, જયારે આરોપીને સરકાર ધ્વારા સારવાર માટેની વ્યવસ્થા સરકારી હોસ્પીટલમાં થઈ શકે તેમ હોય તો તેવા સં જોગોમાં મેડીકલ ગ્રાઉન્ડ ઉપર વચગાળાના જામીન આપી શકાય નહીં. આમ, હાલના કામે ઉપરોકત વિગતવારની ચર્ચા ધ્યાને લેતા અરજદારને થયેલ શારીરીક તકલીફ બાબતે સરકારી દવાખાને તે અંગેની સારવાર ઉપલબ્ધ રહેલ છે અને તે બાબતે ફરીયાદ પક્ષે વિ. ડી.જી.પી.શ્રીએ જણાવેલ છે.

(૭) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીએ તેની રજુઆતના સમર્થનમાં (૧) ૨૦૨૨ સુપ્રીમ(ઓનલાઈન)(ગુજરાત) ૯૭૪૫ મનસુખ મુળુભાઈ સીગરખીયા વિ.સ્ટેટ ઓફ ગુજરાત અને (૨) ૨૦૨૪ સુપ્રીમ (ઓનલાઈન) (ગુજરાત) ૧૬૮૫૨ મચંક મનસુખભાઈ સાંઘાણી વિ.સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા રજુ રાખેલ છે. જે વં ચાણે લેવામાં આવેલ છે. હાલના કામે અરજદાર/આરોપીને જેલ ઓથોરીટી તરફથી જુનાગઢ ખાતે સરકારી હોસ્પિટલમાં સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વધુમાં સદરહુ ચુકાદામાં જણાવેલ હકીકત તથા હાલના કેસની હકીકત ભિન્ન હોય અરજદાર/આરોપીને સદર બંને ચુકાદા મદદરૂપ થતા નથી.

(૮) આમ, આ કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપિત ગુનો, ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા અરજદાર/આરોપીની હાલની વચગાળાની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- હાલના અરજદાર/આરોપી હરદાસભાઈ પુંજાભાઈ પરમાર,રહે.જેતપુર રોડ, ત્રણ ખુણીયા હાઉસીંગ બોર્ડ કોલોની, મકાન નં.૫૬, નિલેશભાઈ રાપરીયાના મકાનમાં, ગોંડલવાળાની જૂનાગઢ એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧ ૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨),૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામની હાલની વચગાળાની જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)